# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૨૫/૦૨/૨૦૨૫ (સમય : સવારે ૧૧:૦૦ કલાક) થી તા.૦૩/૦૩/૨૦૨૫ (સમય : રાત્રે ૧૧:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | સ્ટાઈપેન્ડ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| 1 | ઈલેકટ્રીશયન / વાયરમેન | 80 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | ફીટર | 20 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ડ્રાફટસમેન (સીવીલ) | 20 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | સર્વેયર | 20 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | મીકેનીક (મોટર વ્હીકલ) | 05 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ | 05 | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 7 | મીકેનીક ડીઝલ | 10 | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 8 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 150 | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 9 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | 180 | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 10 | મેડીકલ લેબ. ટેક. (પેથોલોજી) | 40 | 9000/- | ધો.૧૨ (કેમેસ્ટ્રી,ફીઝીકસ,બાયોલોજી વિષય સાથે) + બી.એસ.સી |
| 11 | એકાઉન્ટ આસીસ્ટન્ટ | 160 | 9000/- | બી.કોમ (એમ. કોમ ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.) |
| 12 | ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર V2.0 | 180 | 9000/- | બી.એ. / બી.સી.એ |
| 13 | માઈક્રો ફાઈનાન્સ એકઝીકયુટીવ | 120 | 9000/- | બી.કોમ / બીબીએ |
| | કુલ | **1000** | | |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે રીક્રુટમેન્ટ વિભાગના ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ્ટેન્શન–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

**–: એપ્રેન્ટી ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :–**

(૧) એપ્રેન્ટીસશીપ તાલીમનો સમયગાળો સરકારશ્રીની વેબસાઈટ ઉપર જનરેટ થયેલ કોન્ટ્રાક મુજબનો રહેશે. એપ્રેન્ટીસશીપનો સમયગાળો પુર્ણ થયેથી તુરંત છુટા કરવામાં આવશે.

(૨) સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગતમાં ફરજિયાત eKYC અપડેટ કરવાનું રહેશે.

(૩) ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત અપડેટ કર્યા બાદ જ https://www.suratmunicipal.gov.in/Information/Recruitment ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) ઉપરોક્ત તમામ કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અંગેના માપદંડ નક્કી કરાશે.

(૫) જે તે ટ્રેડની જરૂરી લાયકાત મુજબ એક કરતા વધુ ટ્રેડમાં અરજી કરી શકાશે.

(૬) જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૭) એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ–૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

(૮) ઉમેદવારની ઉંમર૧૮ વર્ષ થી ઓછી અને૩૪ વર્ષ કરતા વધારે હોવી જોઈએ નહી.

(૯) રૂબરૂ અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૧૦) અગાઉ કોઈપણ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરેલ ઉમેદવારોએ અરજી કરવી નહી.

(૧૧) ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ પર જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ સાવચેતી પુર્વક દર્શાવવાના રહેશે. ઈ–મેઈલ કે મોબાઈલ નંબર બદલાઈ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૧૨) ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે એપ્રેન્ટીસ ઉમેદવારે અરજી ફોર્મ તથા અરજીમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટ ઓરીજીનલ તથા ડોકયુમેન્ટની સ્વ–પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૧૩) આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૪) લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

**સહી/–**
**મ્યુનિસિપલ કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

નં.પીઆરઓ/૪૬૧/૨૦૨૪–૨૫
સુરત. તા.૨૦/૦૨/૨૦૨૫